## પ્લાન યોજનાની દ્વિતિય રીવ્યુ મીટીંગની કાર્યવાહી નોંધ:

પ્લાન યોજનાની દ્વિતિય રીવ્યુ મીટીંગ માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં તા. ૨/૨/૨૦૧૩નાં રોજ સવારે ૧૦.૩૦ કલાકે યુનિવર્સિટીનાં વિવિધ બહારનાં સંશોધન કેન્દ્રો માટે અને ૧૪.૩૦ કલાકે નવસારી કેન્દ્ર પરનાં વિભાગો માટે યુનિવર્સિટી ભવન કોન્ફરન્સ હોલમાં મળેલ જેમાં યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ ક્ષેત્રની યોજનાનાં વડાશ્રી/અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા.

સૌ પ્રથમ સંશોધન નિયામકશ્રીએ મીટીંગમાં હાજર રહેલ અધિકારીશ્રીઓને આવકારી પ્લાન યોજનાની રીવ્યુ બેઠકમાં ચર્ચાનાં મુદ્દા અન્વયે સરકારશ્રી તરફથી પ્લાન યોજનામાં ચાલુ નાણાંકીય વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટ સામે ૫૪.૫૧% ખર્ચ થયેલ છે જે ખૂબ જ ઓછો ગણાય આ અંગે યોજનાકીય કામગીરીનું માસવાર આયોજન મુજબ ખર્ચ કરવો તેમજ માસિક/ત્રિમાસિક ખર્ચ સામે થયેલ સંશોધન કામગીરીની વિગતો આપવા સ્પષ્ટ્ ભારપૂર્વક જણાવવામાં આવ્યું.

પ્લાન રીવ્યુ બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી માન.કુલપતિશ્રીએ વિભાગો/સંશોધન કેન્દ્રો પર કાર્યરત યોજનાઓનાં સ્પે. ઓડિટ સમયે ઓડિટરશ્રી તરફથી લેવામાં આવેલ પેરા અન્વયે યોજનાકીય વિગતો પત્રકોમાં ભરી તાત્કાલીક રજુ કરવા ભારપૂર્વક જણાવવામાં આવ્યું. ચાલુ નાણાંકીય વર્ષનાં અંતિત બે માસ કરતા ઓછા સમય બાકી રહેતા અને અત્યાર સુધી થયેલ યોજનામાં ઓછા ખર્ચ અંગે દરેક યોજનાની કામગીરી અને તેની સામે ખર્ચનું આયોજનનો અભાવ સાથે વહીવટી કાર્યધ્ક્ષતાની ઉણપ દર્શાવે છે જે ગંભીર બાબત ગણાય. જેથી ચાલુ નાણાંકીય વર્ષમાં પ્લાન યોજનામાં નોનરીકરીંગ, રીકરીંગ સદરે ખરીદી ખર્ચ માટેની મંજુરીઓ ૧૫મી માર્ચ – ૨૦૧૩ સુધીમાં મેળવી લેવાની રહેશે. તે પછીની મંજુરીઓ સંશોધન નિયામકશ્રીની ભલામણ મેળવી રજુ કર્યે અત્રેથી ખાસ કિસ્સામાં જ મંજુરી આપવામાં આવશે. તેમજ ખર્ચનાં બીલો તા. ૨૬/૩/૨૦૧૩ સુધીમાં એકાઉન્ટ ઓફિસમાં મોકલાવવાનાં રહેશે. નોન રીકરીંગ સદરે ઓછા ખર્ચ અંગે સાધનો ખરીદી માટે ટેન્ડર પ્રક્રિયામાં સમાવેશ સાધનો સિવાયનાં સાધનો માટે યુનિવર્સિટી નીતિનિયમોનુસાર કોટેશન મંગાવી નિયત ખરીદીની પ્રક્રિયા હાથ ધરવી જોઈતી હતી જે ધણા વિભાગોએ હાથ ધરેલ નથી. જે તાત્કાલીક હાથ ધરી અત્રે જાણ કરવાની રહેશે.

**પ્લાન યોજના સદરે માંગણી અન્વયે વધુ ફંડ ફાળવવા બાબત.**

પ્લાન યોજનામાં ચાલુ નાણાંકીય વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટમાંથી યોજનાકીય કામગીરી માટે જરૂરીયાત અને જસ્ટીફિકેશન ધ્યાને લઈ પગારભથ્થા, રીકરીંગ અને નોન રીકરીંગ સદરે વધુ ફંડ ફાળવવા મંજુર થયેલ કુલ જોગવાઈ અને સરકારશ્રીનાં સેકટર, મુખ્ય સદર પેટા સદર ધ્યાનમાં રાખી માંગણી ગ્રાહય રાખી ગ્રાન્ટની પુનઃ ફાળવણી કરવામાં આવે છે. તો નાણાંકીય વર્ષ ટુંક સમયમાં પૂર્ણ થવા બે માસ બાકી રહેતા જે તે આઈટમ માટે ફાળવેલ ફંડની મર્યાદામાં યુનિવર્સિટી ધારાધોરણો મુજબ વહીવટી/તાંત્રિક મંજુરી મેળવી સમયસર કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

(અમલઃ તમામ વિભાગીય/કેન્દ્રોનાં વડાશ્રીઓ, નકૃયુ., નવસારી)

**ગ્રાન્ટની પુનઃ ફાળવણી :**

આ સાથે સામેલ ગ્રાન્ટની પુનઃ ફાળવણી પત્રક મુજબ ગ્રાન્ટ ફાળવણીની આગળની કાર્યવાહી સમયમર્યાદામાં હાથ ધરવી

(અમલઃ હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી, નકૃયુ., નવસારી)

બેઠકનાં અંતે હાજર રહેલ અધિકારીશ્રીઓનો આભાર માની રીવ્યુ બેઠક પૂર્ણ કરવામાં આવી

જા.નં. નકૃયુ/સંનિ/આયોજન/પ્લારીબે/ ૧૩૬૭ /૨૦૧૩
નવસારી તા. ૪/૨/૨૦૧૩

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

**<u>નકલ સવિનય રવાના :પ્રતિ,</u>**

(૧) માન. કુલપતિશ્રીનાં રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.

(૨) કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.

(૩)યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તેમજ અમલ થવા સારું.

(૪) આઈ.ટી. વિભાગ તરફ જાણ તેમજ યુનિવર્સિટી વેબસાઈટ પર ગ્રાન્ટ ફાળવણીની કાર્યવાહી હાથ ધરવા સારું.